# શહેર-જિલ્લામાં કોરોનાના વધુ છ કેસ

**સિવિલ હોસ્પિટલના ફિજીશ્યન કોરોનાની ઝપટમાં : એ.પી.એમ.સી.નો કર્મયોગી પણ કોરોનામાં પટકાયો : ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોએ તંત્રની ચિંતામાં વધારો કર્યો**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં આજે કોરાનાના ૬ કેસ એક જ દિવસમાં સામે આવતાં જિલ્લામાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

ગાંધીનગર શહેરમાં બે અને ગ્રામ્ય વિસ્તારમાંથી ૪ કેસ કોરોનાના સામે આવતાં તંત્રની દોડધામ વધી જવા પામી છે. આ દર્દીઓના સંપર્કમાં આવેલા લોકો અને પરિવારોને ક્વોરોન્ટાઈન કરવાની કામગીરી તંત્રએ વેગીલી બનાવી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ફીજીશ્યન તરીકે સેવા આપતા એક તબીબનો ગઈકાલે મોડી રાત્રે કોરોના ટેસ્ટ પોઝીટીવ આવતાં તબીબી જગતમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. આ તબીબી અધિકારીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જ દાખલ કરવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે આ તબીબી અધિકારીને બે સિમોમેટીક કોરોના પોઝીટીવ આવ્યો છે અર્થાત્ તેમનામાં કોરોનાના કોઈ લક્ષણો જણાયા ન હતા. તેઓ છેલ્લા ઘણા સમયથી કોરોના વોર્ડમાં જ ફરજ પર હતા અને આજે તેમના વતનના નિવાસસ્થાને જવાના હતા પરંતુ જતા પહેલાં ટેસ્ટ કરાવવો જોઈએ તેવી લાગણી થતાં તેમણે ટેસ્ટ કરાવ્યો હતો અને પોઝીટીવ આવ્યો છે.

બીજી તરફ અમદાવાદ ખાતે નર્સીંગમાં ફરજો બજાવતી ગાંધીનગરના સે. ૫ની એક દિકરીને પણ કોરોના પોઝીટીવ જણાતાં તેણીનીને અમદાવાદ દાખલ કરવામાં આવેલ છે.

મનપાના તંત્ર દ્વારા સે. ૫ માં તેણીનીના નિવાસસ્થાને કોરોનાને લઈ જરૂરી કાર્યવાહી સવારથી જ હાથ ધરવામાં આવી હતી. તેણીનીના પરિવારને હાલ હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ દિકરી છેલ્લે ૫ મી એપ્રિલે ઘરે આવી હતી આ પછી કોરોના યોદ્ધા તરીકે તે પોતાની સેવાઓ આપતી હતી. ગઈકાલે તેણીનીનો રિપોર્ટ પોઝીટીવ જણાતાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

આમ શહેરના બન્ને કોરોના યોદ્ધાઓ હાલ સારવાર હેઠળ છે અને બન્નેની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાંથી પણ આજે ચાર કેસ મળી આવ્યા છે. ગઈકાલે ભાટમાંથી મળેલ મહિલા દર્દી પછી આજે દહેગામ તાલુકાના પાલૈયા ખાતે બે કેસ નોંધાયા છે. જેમાં પાલૈયાના એક ભાઈ તો અમદાવાદ કિડની ઈન્સ્ટીટ્યુટમાં ફરજો બજાવે છે.

તો બીજા ભાઈ અંગે પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે તેઓ બે દિવસ શાકભાજી ખરીદવા માટે દહેગામ ગયા હતા આ સિવાય તેઓ ગામમાં જ હતા.

તંત્ર દ્વારા આ બન્ને દર્દીના નજીકના સંપર્ક ધરાવતા ૧૧ થી વધુ લોકોને ક્વોરોન્ટાઈન કરી દેવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના રાંધેજા ખાતે આજે એક કોરોના પોઝીટીવનો કેસ નોંધાયેલ છે. આ દર્દી ગાંધીનગર એ.પી.એમ.સી.માં કર્મચારી તરીકે સેવાઓ આપી રહ્યા છે. તેમનો ટેસ્ટ ગઈકાલે કરાયો હતો અને આજે સવારે તે પોઝીટીવ આવતાં તેમનો સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ કર્મચારીના પરિવારને તેમજ તેના નજીકના પરિવારજનોને હાલ હોમ

● અનુસંધાન પાન-૭ પર

## આરોગ્ય વિભાગની સત્તાવાર યાદીમાં વધુ એક કેસનો જ ઉલ્લેખ

ગાંધીનગર, તા.૨૪

મોડીસાંજે ગાંધીનગર ખાતે આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડૉ. જયંતિ રવીની પત્રકાર પરિષદ બાદ જાહેર કરાયેલી સત્તાવાર યાદીમાં ગાંધીનગરમાં માત્ર વધુ એક જ કેસનો ઉલ્લેખ કરાયો છે. જે ગાંધીનગર સીવીલ હોસ્પિટલના ફીઝીશીયનનો છે.

આ ઉપરાંત દહેગામના પાલૈયાના બે કેસ, સેક્ટર-૫ની અમદાવાદ ખાતે ફરજ બજાવતી યુવતી તેમજ બદપુરાનો યુવાન જે એસઆરપી બંદોબસ્તમાં હોવાથી અમદાવાદમાં આ કેસની ગણતરી કરાઈ હશે. અને રાંધેજાના યુવાનનો ઉલ્લેખ કદાચ આવતીકાલની ગણતરીમાં લેવાય એવી પણ શક્યતા છે.

અમદાવાદમાં ફરજ બજાવતા અને ગાંધીનગર શહેર - જિલ્લામાં રહેતા સેવાકર્મીઓની ગણતરી અમદાવાદની યાદીમાં કરાઈ છે.

## સિવિલ હોસ્પિટલનો કોરોના વોર્ડ જ પીડીત અવસ્થામાં...!!

**એક તબીબ કોરોના સંક્રમિત થતા અન્ય ૬ ડોકટરોના પણ રીપોર્ટ કરશે : ડોકટરો કોરંન્ટાઇન : કોરોના વોર્ડમાં દર્દીઓની સારવાર કરતા તબીબને કોરોના થતા મુંઝવણભરી સ્થિતિ**

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના એક તબીબને આજે કોરોના પોઝિટીવ આવતા કોરોના વોર્ડમાં દર્દીઓની સારવાર આપતા તબીબ પણ હવે હોસ્પિટલની બિછાને છે. જયારે તબીબના કોરોના સંક્રમણના અંતે અન્ય ૬ ડોકટરોના પણ સેમ્પલ પરીક્ષણ અર્થે મોકલવામાં આવ્યા છે. સિવિલના આ તબીબો હાલ કોરેન્ટાઈન છે. જયારે અગાઉથી જ ૨ ડોકટર રજા પર છે. આવા સંજોગોમાં સિવિલ હોસ્પિટલમાં સ્થિત કોરોના વોર્ડ જ પીડીત અવસ્થામાં છે..!!

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હાલ કોરાનાના ૨ દર્દીઓ સારવાર હેઠળ છે. જયારે ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધી કોરોનાના ૨૦ કેસ નોંધાયા છે. જયારે આ પૈકી ૨ દર્દીઓના મૃત્યુ નિપજયા છે. આવા સંજોગોમાં કોરોનાના રોગચાળાને વધુ ફેલાતો અટકાવવા માટે હાલ લોકડાઉન પણ યથાવત છે. પરંતુ સિવિલ હોસ્પિટલના એક ફિઝીશીયનને કોરોના પોઝીટીવ આવતા તબીબી આલમ પણ ચોંકી ઉઠયુ છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આઠમા માળે હાલ કોરોના વોર્ડ કાર્યરત છે. જયારે કોરાનાથી સંક્રમિત દર્દીઓને આ ઠેકાણે પુરતી તેકદારી રાખીને

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યમાં ચશ્માની દુકાનો પણ ખોલવાની મંજુરી

ગાંધીનગર, તા.૨૪

કોરોનાને લઈ ગાંધીનગર-અમદાવાદ, ગુજરાત સહિત સમગ્ર દેશમાં હાલ લોકડાઉન ચાલી રહ્યું છે અને ગુજરાતમાં પણ આ લોકડાઉન તા.૩ મે સુધી ચાલુ રહેશે. જો કે લોકડાઉનમાં દૂધ, દવા અને કરિયાણા જેવી જીવન આવશક્ય ચીજ વસ્તુઓના વિક્રેતાઓને દુકાનો ખુલ્લી રાખવાની છૂટ આપવામાં આવી છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી નાગરિકોમાં એક સવાલ ચર્ચાતો હતો કે શું ચશ્માનો કાચ તૂટી જાય તો તે જીવન જરૂરી વસ્તુમાં ન આવે? જેને પગલે ચશ્માને પણ જીવન જરૂરી વસ્તુમાં સામેલ કરી લોકડાઉનમાંથી શરતોને આધીન દુકાનો ખુલ્લી રાખવાની છૂટ આપવામાં આવી છે. ગુજરાત ઓપ્ટિકલ ફેડરેશને જણાવ્યું કે, દિવસ દરમિયાન સવારના ૯થી બપોરના ૨ વાગ્યા સુધી તમામ ઓપ્ટિશિયન્સ દુકાન ખુલ્લી રાખી શકશે. આ નિર્ણયને પગલે ચશ્માની જરૂરિયાત હોય તેવા લોકોને રાહત મળશે.

## સિવિલમાં કોરોના-ઓ.પી.ડી.નો પ્રારંભ થયો



**એક-બે દિવસમાં કોવિડ હોસ્પિટલ પણ કાર્યરત થશે**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલને કોવિડ હોસ્પિટલમાં તબદીલ કરવાના નિર્ણયના ભાગરૂપે આજથી કોવિડ-ઓ.પી.ડી. સિવિલ હોસ્પિટલના નવા બિલ્ડીંગમાં કાર્યરત કરી દેવામાં આવી છે.

મળતી સત્તાવાર વિગતો પ્રમાણે આ ઓ.પી.ડી. ૨૪૮૭ ચાલુ રહેશે અને દર્દીઓને તેનો લાભ મળશે. આ માટે ડૉક્ટરો સહિતના કર્મયોગીઓની નિમણુંક પણ કરી દેવામાં આવી છે.

બીજી તરફ ગાંધીનગર મેડીકલ કોલેજમાં આજથી કોરોના અંગેના ટેસ્ટ કરવાની મંજૂરી પણ મળી ગઈ છે. અહિ હવે રોજના ૧૦૦ જેટલા ટેસ્ટ પ્રારંભિક તબક્કે કરવામાં આવશે.

દસ દિવસ પહેલાં આ અંગે મેડીકલ કોલેજના સત્તાવાળાઓ દ્વારા આઈએમસીઆરમાં અરજી ઓનલાઈન કરવામાં આવી હતી. જે મંજૂરી આજે મળવા પામી છે.

આ માટે માઈક્રોબાયોલોજી ડિપાર્ટમેન્ટમાં છેલ્લા કેટલાક દિવસથી તૈયારીઓ પણ પૂરજોશમાં ચાલતી હતી. આઈએમસીઆર દ્વારા આ માટે લાદવામાં આવેલી તમામ શરતો પૂર્ણ થતાં આ મંજૂરી આપવામાં આવી છે.

કોલેજના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે આ લેબમાં ટ્રાયલ રન પણ લેવામાં આવ્યો હતો અને તેના પરિણામો સારા આવ્યા હતા.

આ સુવિધા હવે ગાંધીનગર ખાતે ઉપલબ્ધ થતાં એક જ દિવસમાં ટેસ્ટના પરિણામો જાણી શકાશે. ગાંધીનગર મેડીકલ કોલેજ માટે આ લેબની મંજૂરી મળતાં તેના ગૌરવમાં વધારો થયો છે.

રાજ્યમાં હાલ આ માટે ૧૭ જેટલા સ્થાનો પર કોવિડ-૧૯ના ટેસ્ટ કરવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર

## આજથી રમઝાનના મહિનાની શરૂઆત

અમદાવાદ, તા. ૨૪

મુસ્લિમ સમુદાયના લોકો જેની ઉત્સુકતાથી રાહ જોઈ રહ્યા હતા તે પવિત્ર રમઝાન મહિનાની શરૂઆત થઈ ગઈ છે. રમઝાન મહિનાની કર્ણાટક, કેરળ સહિત દેશના કેટલાક ભાગોમાં શરૂઆત થઈ ગઈ છે. બાકી વિસ્તારોમાં મુસ્લિમ સમુદાયના લોકો શનિવારથી જ રોઝાની શરૂઆત કરશે. રમઝાનનો ચાંદ દેખાઈ આવ્યા બાદ આવતીકાલે શનિવારના દિવસે પ્રથમ રોજો મુસ્લિમ સમુદાયના લોકો રાખશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુસ્લિમ સમુદાયના લોકોને રમઝાનની શુભેચ્છા પાઠવી છે.

સાથે સાથે કોરોનાની સામે જારી લડાઈ જીતી લેવામાં આવશે તેવી ખાતરી પણ આપી હતી. દેશના કેટલાક વિસ્તારોમાં રમઝાન મહિનાની શુક્રવારે શરૂઆત થઈ ગઈ હતી જ્યારે બાકીના વિસ્તારમાં આવતીકાલથી રોજા રાખવાની શરૂઆત થશે. મોદીએ પવિત્ર મહિના અંગે વાત કરતા કહ્યું છે કે, ભાઈચારા, કરુણા અને સદ્ભાવના આના લીધે વધશે.

## શહેરમાં થોડા દિવસો શાકભાજીની ખરીદી બંધ રાખી કોરોના અટકાવીએ

**ગાંધીનગરમાં અમદાવાદ સહીત ગાંધીનગર આસપાસના ગામોમાંથી શાકભાજી આવે છે ત્યારે શાકભાજીની ખરીદી કરવાનુ જોખમી : ગૃહીણીઓ સંયમ રાખે : પરિવારજનોએ પણ થોડુ ચલાવી લેતા શીખવુ સલાતમી માટે અનિવાર્ય**

ગાંધીનગર તા ૨૪

કોરોનાના કેસ ગુજરાતમાં દિનપ્રતિદિન વધી રહ્યા છે. જયારે રાજયના પાટનગરમાં પણ કોરોના કેસ વધી રહ્યા છે. ત્યારે કોરોના કાળમાં ચેપથી બચવા માટે નગરજનોએ શાકભાજી સહીત જરૂરી ચીજવસ્તુઓને પણ થોડા સમય માટે કોરાણે મુકવાની ફરજ પડે તેવી સ્થિતિ છે. ગાંધીનગરમાં અમદાવાદ તેમજ આસપાસના વિસ્તારમાંથી આવતી શાકભાજી પણ કોરોનાનો ચેપ સરળતાથી ફેલાવે છે.આવા સંજોગોમાં નગરની ગૃહીણીઓ પણ સંયમ જાળવી શાકભાજીની ખરીદી થોડા દિવસો માટે બંધ કરી દે તે સલામતીભર્યુ છે.

કોરોનાની મહામારીને અનુલક્ષીને સમગ્ર દેશમાં એક મહીનાથી લોકડાઉન છે. જયારે ગુજરાતમાં પણ કોરોનાના કેસ દિનપ્રતિદિન વધી રહ્યા છે. રોજબરોજ કોરોનાના નવા કેસો આવતા આરોગ્ય વિભાગની ચિંતા ઘેરી બનતી જાય છે. જયારે ગુજરાતમાં ખાસ કરીને અમદાવાદ, સુરત , વડોદરા અને રાજકોટ, ભાવનગર સહીતના વિસ્તારમાં કોરોનાના કેસ વધુ છે. અમદાવાદમાં રોજ ૧૦૦ થી ૧૫૦ નવા કેસ આવે છે. જેના પરિણામે સરકાર માટે અમદાવાદમાં કોરોનાને કાબુમાં લેવાનુ વધુ ચેલેન્જરૂપ બનતુ જાય છે. અમદાવાદમાં શાકભાજીના વેપારીઓને પણ કોરોના પોઝિટીવ આવતા કોરોનાનો ચેપ વધુ ફેલાયો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આવા સંજોગોમાં અમદાવાદ નજીકના ગાંધીનગરમાં પણ કોરોનાના એકલ દોકલ કેસ ધ્યાને આવતા જાય છે. જેના લીધે ગાંધીનગરવાસીઓની પણ ચિંતા વધી છે. ગાંધીનગરમાં હાલ લોકડાઉનની સ્થિતિ વચ્ચે દુધ, દવા કરિયાણા અને શાકભાજી સિવાય કોઈપણ ચીજવસ્તુઓની ખરીદી થતી નથી ત્યારે અમદાવાદમાં શાકભાજીની લારીવાળાને પણ કોરોના પોઝિટીવ આવ્યા બાદ શાકભાજીની ખરીદી કરવાનુ પણ જોખમી પુરવાર થયુ છે. ગાંધીનગરમાં શાકભાજી સહીત બેકરી આઈટમો સહીતનો મોટાભાગનો માલ અમદાવાદથી આવે છે. આવા સંજોગોમાં શહેરમાં પણ કોરોનાનો ચેપ વધુ વકરે તેવી દહેશત છે. ત્યારે થોડા સમય માટે નગરજનોએ આ શાકભાજી સહીત અન્ય બેકરી આઈટમની ખરીદી પર સંયમ રાખવાની જરૂર છે. ગાંધીનગરના રાંધેજા અને આલમપુર એ પી એમ સી માર્કેટ સાથે સંકળાયેલા ખેડુતોને પણ કોરાના પોઝીટવ આવ્યો હોવાનુ પ્રકાશમાં આવ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર



કેટલાક સ્થળોએ લોકડાઉનમાં છૂટછાટ મળવા માંડી છે. અમુક વિસ્તારોમાં ઉદ્યોગ-ધંધા પુનઃ શરૂ થઈ ચૂક્યા છે. હોટસ્પોટ સિવાયના વિસ્તારોમાં રોડ રસ્તાના બાંધકામનું કામ પણ શરૂ થઈ ચુક્યુ છે. ઘ-૪ સર્કલે અંડરબ્રિજનું કામ છેલ્લા ઘણા સમયથી બંધ હતુ. આ કામ હવે ધીમે ધીમે શરૂ થયુ છે. મજૂરોની અછત છે તેમ છતાં કામકાજ શરૂ કરી દેવાયું છે.

## હોટસ્પોટ વિસ્તારમાં કોમ્યુનિટી ટાન્સફર તરફ આગળ વધતો કોરોના

**અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત શહેરમાં ગંભીર સ્થિતિ**

ગાંધીનગર, તા.૨૪

ગુજરાતમાં કોરોના વાયરસને લઈ સ્થિતિ અતિ ગંભીર અને ચિંતાજનક બનતી જાય છે. ખાસ કરીને આગામી દિવસોમાં અમદાવાદ શહેર સહિત રાજયના હોટસ્પોટ વિસ્તારોમાં કોરાનાને લઈ પરિસ્થિતિ બેકાબૂ અને ભયાવહ બને તેની દહેશત હવે ખુદ સરકાર અને તંત્રમાં બની છે. ગુજરાતમાં નવા કેસોનો આંકડો સતત વધી રહ્યો છે. ત્યારે ગુજરાત હજુ બીજા સ્ટેજમાં છે. પરંતુ ગુજરાત માટે સૌથી ચોંકાવનારી અને આઘાતજનક બાબત એ છે કે, અમદાવાદ સહિતના હોટસ્પોટ વિસ્તારો સ્ટેજ-૨ના એડવાન્સ સ્ટેજમાં પહોંચી ગયા છે. ગુજરાતના આ હોટસ્પોટ વિસ્તારોમાં કોરોના કોમ્યુનિટી ટ્રાન્સફર થવાની દહેશત છે. કોરોનાને લઈ ગુજરાત માટે ગંભીર બાબત એ છે કે, કેટલાક વિસ્તાર એડવાન્સ સ્ટેજમાં હોવાનું સામે આવ્યું છે. બીજા સ્ટેજથી એક કદમ આગળ કેટલાક હોટસ્પોટ વિસ્તારમાંથી આવતા કેસ એડવાન્સના આવે છે. હાલ ગુજરાતના ચાર મોટા શહેરો અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં ૧૫ જેટલા કોરોનાના હોટસ્પોટ વિસ્તારો છે. આજે ખુદ રાજય સરકાર અને અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરે પણ અમદાવાદ શહેરની સ્થિતિને લઈ આગામી દિવસનો કોરોનાનો અંદેશો આપી દીધો છે. સરકારના મતે, ગુજરાતમાં કુલ ૧૫ હોટસ્પોટ વિસ્તાર છે. જેમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત અને ભાવનગર સામેલ છે. ગુજરાતમા હાલ કુલ ૨૮૧૫ કેસ કોવિડ ૧૯ના છે, જે ગુજરાતના ૨૯ જિલ્લાઓમાં છે. પરંતુ ગુજરાત માટે આ અતિગંભીર અને ચિંતાનજક વાત એ છે કે, હોટસ્પોટમાં કમ્યુનિટી ટ્રાન્સફર વધશે. અત્યાર સુધી ગુજરાત કોરોના કેસ મામલે બીજા સ્ટેજમાં હતું, હવે ત્રીજુ સ્ટેજ આવશે, જેને ભયજનક માનવામાં આવે છે. આરોગ્ય સચિવ ડો.જયંતિ રવિએ પણ સ્પષ્ટ કર્યું હતું કે, ૧૦થી વધુ હોટસ્પોટ વિસ્તારો હવે ત્રીજા સ્ટેજમાં પ્રવેશ કરશે. અહીંથી મોટા પ્રમાણમાં કમ્યુનિટી ટ્રાન્સફર થતું હોય છે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com